હાલ ખેતીની જમીન ધારણ કરનાર અંગે
ખેડૂત ખરાઇ પ્રમાણપત્રની કાર્યપધ્ધતિ
ઓનલાઇન કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**મહેસૂલ વિભાગ**
પરિપત્ર ક્રમાંક : ગણત/૧૦૨૦૨૦/૪૨/ઝ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૧/૦૭/૨૦૨૦

**વંચાણે લીધા :**
(૧) મહેસૂલ વિભાગના પરિપત્ર ક્રમાંક :- ગણત/૧૦૯૫/૩૩૪૭/ઝ, તા.૨૦/૧૧/૨૦૦૦.
(૨) મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક :- ગણત/૨૬૯૯/૪૩૪૩/ઝ, તા.૨૬/૧૨/૦૮.

## // પરિપત્ર //

રાજયના મહેસૂલી વહીવટને કમ્પ્યુટરાઈઝડ, સલામત, સુરક્ષિત, સુદ્દઢ અને ઝડપી બનાવવાના પગલા રૂપે હસ્તલિખિત મહેસૂલી દફતરને જાન્યુઆરી-૨૦૦૪ થી ડિજિટાઇઝ કરીને ઓનલાઇન કરવામાં આવેલ છે.

જમીનોના વિવિધ પ્રકારના વ્યવહારોમાં તથા વિવિધ પરવાનગી માટેની અરજીમાં ખેડૂત ખરાઇની જરૂરિયાત ઉદભવે છે તથા આ ખેડૂત ખરાઇ માટે અરજદારે / તેમના પૂર્વજોએ ધારણ કરેલી ખેતીની જમીનના ૭/૧૨, નં-૬ મેળવીને રજૂ કરવાના રહે છે. જે અંગે ક્રમાંક (૧) માં દર્શાવેલ પરિપત્રના પત્રક-૨ મુજબ સોગંધનામુ રજુ કરવાનું રહે છે. જેના આધારે ગુજરાત રાજ્યના ખાતેદાર ખેડૂત મૂળ જે ગામે ખેતીની જમીન ધારણ કરતા હોય તે વિસ્તારના તાલુકા મામલતદારશ્રીએ દાખલો આપવાનો રહે છે. જે અંગેનો નમૂનો ક્રમાંક (૧) માં દર્શાવેલ પરિપત્રના પત્રક-૧ મુજબ આપવાનો રહે છે.

ખેડૂત ખરાઇ કરવાની કાર્યપધ્ધતિ સંદર્ભ દર્શિત ક્રમાંક-(૧) થી પરિપત્રિત કરવામાં આવેલ છે. તદ્દઅનુસાર સમગ્ર રાજયમાં હાલમાં ખેડૂત ખરાઇ કરવાની કાર્યપધ્ધતિ અમલમાં છે. ત્યારબાદ ક્રમાંક (૨) માં દર્શાવેલ ઠરાવના ફકરા (૨) માં દર્શાવ્યા મુજબની કાર્યપધ્ધતિ અનુસરવા સુચનાઓ આપવામાં આવેલ છે.

રાજયમાં ડિજિટાઈઝેશન અને ઓનલાઈન પ્રક્રિયા હાથ ધરવામાં મહેસૂલ વિભાગ અગ્રેસર રહયું છે ત્યારે આવી ખેડૂત ખરાઇના કારણે વિવિધ અરજીઓમાં થતો વિલંબ ઘટાડવા તથા ખાતેદારોને થતી હાલાકી નિવારવા, ખેડૂત ખરાઇ પ્રમાણપત્ર મેળવવાની સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે હાલ ખેતીની જમીન ધારણ કરનારના ખેડૂત ખરાઇ પ્રમાણપત્ર મેળવવા માટેની કાર્યપધ્ધતિ ઓનલાઈન કરવા તથા કાર્ય પધ્ધતિમાં સરળતા લાવવા અંગે નીચે મુજબની સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

### :-કાર્યપધ્ધતિ:

ખેડૂત ખરાઇ પ્રમાણપત્ર ઓનલાઇન મેળવવા માટેની નીચે મુજબની કાર્યપધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

### (૧) ઓનલાઈન અરજી : અરજદાર પક્ષે

- ખેડૂત ખરાઇ માટેઅરજદારે https://iora.gujarat.gov.in વેબસાઇટ પર અરજીના પ્રકારમાં "ખેડૂત ખરાઇ પ્રમાણપત્ર" એ વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
- અરજીમાં જરૂરી તમામ વિગતો શ્રુતિ ફોન્ટમાં ડેટા સ્વરૂપે દાખલ કરવાની રહેશે.
- iORA સાઇટ પર ગુજરાતી શ્રુતિ ફોન્ટની વિગતો જણાવેલ છે.
- ખાતેદારે પોતાની સહીવાળી અરજી તથા સક્ષમ ઓથોરિટિ રૂબરૂ કરેલ સોગંધનામુ અને ખાસ કોઇ પુરાવાઓ હોય તો તે અપલોડ કરવાના રહેશે. તથા આવી અસલ અરજી તથા સોગંધનામુ અને અપલોડ કરેલ પુરાવા અરજી તારીખથી દિન-૭ માં સંબંધિત પ્રાંત કચેરીમાં મળે તે રીતે જમા કરાવવાના / મોકલવાના રહેશે.
- અરજી સાથે નં. ૬, ૭/૧૨, ૮-અ જેવા અન્ય કોઇ દસ્તાવેજ અપલોડ કરવાના નથી.
- નિયત નમૂના મુજબની કોઈપણ વિગત બાકી રાખેલ હશે અથવા જરૂરી વિગતો સ્પષ્ટ દર્શાવેલ નહિ હોય અથવા મુદ્દો લખેલ નહિ હોય તો અરજી દફતરે કરવામાં આવશે.